જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૮/૨૦૧૭ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૭૦૩/૧૭**

**શહેરકોટડા પોલીસ સ્ટેશન :**

**ડુપ્લીકેટ પોલીસ બની અમદાવાદ શહેરમાં જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તોડ કરતો નાસતો ફરતો આરોપીને પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ**

સંયુક્ત પોલીસ કમિ.શ્રી પિયુષ પટેલ સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-3 એન.એ.મુનિયા સાહેબ તથા ઈન્ચાર્જ એ.સી.પી. શ્રી આઈ.જી.શેખ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.એમ.ચૌધરી તથા સે.પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એ.ડી.ગોહીલ સાહેબના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. જે.એ.બારોટ સાહેબ તથા સ્ટાફના માણસોને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે અમદાવાદશહેરમા ક્રાઇમબ્રાંચના પોલીસના નામે રાહદારી ઇસમોને ડરાવી-ધમકાવી રુપિયા પડાવતા ઇસમો પૈકી (૧) મોસીનખાન ફારુખખાન પઠાણ ઉ.વ. ૩૨ રહે ૨/૨૦૩ સલાટનગર હાઉસીંગ સોસાયટી ગોમતીપુર અમદાવાદશહેર (૨) અમીત કનૈયાલાલ નાગર ઉ.વ. ૩૨ રહે એફ./૫૦૧ શ્રીનાથ એપાર્ટમેંટ બાપા સીતારામ ચોક વસ્ત્રાલ અમદાવાદશહેર નાઓને તા.૧૪/૮/૧૭ ના કલાક ૧૭/૦૦ વાગે પકડી અટક કરી આરોપીઓ પાસેથી રોકડા રૂ.૩૦,૦૦૦/- તથા બજાજ પલ્સર મોટર સાયકલ GJ-27-P-5820 કિ.રૂ.૩૫૦૦૦/- ની મળી કુલ્લે કિ.રૂ.૬૫૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરેલ હતો આ કામનો સહ આરોપી હિતેષ દિલીપભાઈ ગફ્રમવાર (મરાઠી) ઉ.વ. ૨૮ ઘર નં ૮, ત્રિવેદીની ચાલી, ગોપાલનગર, સીતારામ ફ્લેટની બાજુમાં, હાટકેશ્વર, અમદાવાદ શહેર નાનો આ ગુનાના કામે નાસતો ફરતો હોય જે આરોપી આજરોજ મીટર ગેજ રેલ્વે સ્ટેશન ખાતે તેના સબંધીને મળવા આવવાનો છે તેવી ચોક્કસ બાતમી હકિકતના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પોલીસ સબ ઇન્સ. તથા સ્ટાફના માણસોએ વોચ ગોઠવી આરોપીને તા.૨૨/૦૮/૨૦૧૭ના કલાક ૨૧/૩૦ વાગ્યે પકડી પુછપરછ કરતા ગુનાની કબુલાત કરતા આરોપીને અટક કરવામાં આવેલ છે.

આરોપીની વધુ પુછપરછ કરતા આરોપીએ સહઆરોપીઓ સાથે મળી તા. ૧૩/૮/૧૭ ના બપોરે ચારેક વાગ્યાના સુમારે ફરીયાદી નથુરામ માંગુરામ ચૌધરી રહે અનિલવકીલની ચાલી મેમ્કો અમદાવાદનાઓ પોતાની એટર્નો સ્કુટર લઇને મેમ્કો આનંદ હોસ્પીટલ પાસેની ગલીમા થઇ જતા હતા ત્યારે ફરીયાદીને રોકી જણાવેલ કે અમો ક્રાઇમબ્રાંચના પોલીસના માણસો છીએ તેમ કહી ઇટર્નો ગાડીની ડેકી ખોલી જોતા તેમાથી રૂ.૩૦,૦૦૦/- મળી આવતા આ પૈસા હવલાના છે અને તમે હવાલાનો ધંધો કરો છો તમારી ઉપર હવાલાના પૈસા રાખવાનો કેસ કરીશુ તેમ કહી ફરીયાદી પાસેથી બળજબરી પુર્વક રૂ.૩૦,૦૦૦/- કઢાવી લીધેલા અને બાદ ત્રણેય આરોપીઓ ત્યાંથી જતા રહેલ હતા વિગેરે મતલબેની હકીકત જણાવેલ હતી. તેમજ આરોપી ની વધુ પુછ પરછમાં જાણવા મળેલ હતુ કે તાજેતરમાં લેવાયેલ પોલીસ કોન્સટેબલની પરીક્ષામાં નાપાસ થયેલ હતો. ઉપરોક્ત ગુના સિવાય સહ આરોપીઓ સાથે મળી આરોપીએ સરદારનગર, નરોડા તથા કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તાર મા પણ ડુપ્લિકેટ પોલિસ બનીને ૧૧ ગુના આચર્યા ની કબુલાત કરેલ છે.

**<u>અટક કરેલ આરોપી હિતેષ દિલીપભાઇ ગફુમવાર (મરાઠી)</u>**



**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.